# ગુજરાત સરકાર, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર હસ્તકની સરકારી વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને શિક્ષણની કોલેજોમાં ગ્રંથપાલ વર્ગ-૩ની ભરતી અંગેની જાહેરાત.

રાજ્યમાં આવેલી સરકારી કોલેજોમાં ગ્રંથપાલ વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે. કોલેજોમાં ગ્રંથપાલ વર્ગ-૩ની પસંદગી પ્રક્રિયા તથા નિમણૂંક માટે મળેલ મંજૂરી ને આધીન અંદાજિત કુલ-૩૬ જગ્યાઓ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૧૩,૭૦૦/-ના માસિક ફિક્સ વેતનથી આ કચેરી દ્વારા સીધી ભરતી કરવા માટે ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. પાંચ વર્ષની સેવાઓ પૂરી થયેથી તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારશ્રી દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગારધોરણ માં નિમણૂંક આપવા માટે વિચારણા હાથ ધરવામાં આવશે.

લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા:૦૧-૦૫-૨૦૧૫ થી તા:૧૧-૦૫-૨૦૧૫ સુધી વેબસાઇટ **www.cheguj.com** ઉપર મૂકવામાં આવેલ સૂચના મુજબ તા: ૧૧-૦૫-૨૦૧૫ રોજ ૧૯.૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ અરજી કન્ફર્મ કરવાની છેલ્લી તારીખ ૧૨-૦૫-૨૦૧૫ ના રોજ ૧૯.૫૯ કલાક રહેશે.

આ ભરતી પ્રક્રિયા ઉપરોક્ત ભરતી પ્રક્રિયા નીચે મુજબ ના ઠરાવો ને ધ્યાને લઈને કરવામાં આવશે

૧. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું તા:૦૧-૧૧-૨૦૧૦ નું જાહેરનામું
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૧૨/૬૩/ખ તા: ૨૯-૦૯-૨૦૧૨
૩. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: કપઅ/૧૦૨૦૧૩/યુઓ/૨૭/ગ.૪ તા:૦૫-૦૩-૨૦૧૩
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૧૨/૬૩/ખ તા: ૨૧-૦૩-૨૦૧૩
૫. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: જીસીઓ/૧૫૧૨/૬૩/ખ તા: ૧૬-૦૨-૨૦૧૫

## ૧. શૈક્ષણિક લાયકાત:

૧.૧ શિક્ષણ વિભાગના તા:૦૧-૧૧-૨૦૧૦ના જાહેરનામા પ્રમાણે ઉમેદવાર લાઈબ્રેરી સાયન્સ / ઇન્ફોર્મેશન સાયન્સ / ડોક્યુમેંટેશન સાયન્સ અથવા તેને સમકક્ષ વિષયમાં અનુસ્નાતક કક્ષાએ ૫૫% ગુણ તથા નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર) અથવા પી.એચ.ડી.ની લઘુત્તમ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

ઉમેદવાર કે જેઓ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2010 અનુસાર પી.એચ.ડી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પીએચ.ડીની લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીનાસક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

મૂળ ગુજરાતનાં હોય તેવા અનુ. જાતિ, અનુ.જન.જાતિ તથા વિકલાંગ ઉમેદવારોને અનુસ્નાતક કક્ષાએ વધુમાં વધુ ૫%ની છૂટછાટ મળવાપાત્ર થશે.

૧.૨ ઉમેદવાર કમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન ઉપરાંત Computerization of Library નું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૧.૩ ઉમેદવાર સતત સારો શૈક્ષણિક રેકોર્ડ ધરાવતો હોવો જોઈએ.

૧.૪ ઉમેદવાર ગુજરાતી અને/અથવા હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**૨. રાષ્ટ્રીયતા:**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

**૩. વયમર્યાદા :**

ગ્રંથપાલ વર્ગ-૩ ની અરજી સ્વીકારવા માટેની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૩૨ વર્ષથી વધુ ના હોવી જોઈએ.

**વય મર્યાદામાં છૂટછાટ:**

અનામત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ વયમર્યાદામાં નીચે જણાવ્યા મુજબ છૂટછાટ આપવામાં આવશે. :

૩.૧ અનુ. જાતિ, અનુ. જન. જાતિ અને સા. શૈ.પ વર્ગ- ૫ વર્ષ

૩.૨ બિનઅનામત મહિલા ઉમેદવાર – ૫ વર્ષ

૩.૩ અનામત વર્ગના મહિલા ઉમેદવાર–૧૦ વર્ષ (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૦૫ વર્ષની છે તેનો પણ સમાવેશ થઈ જાય છે.)

૩.૪ ૪૦% કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે

૩.૫ તમામ કેટેગરીના ઉમેદવારની ઉપલી વય મર્યાદા છૂટછાટ સાથેની કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકાર ની સેવામાં હોય તેવા ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

**૪. મેરીટ ગણતરી**

ગ્રંથપાલ વર્ગ-૩ની પસંદગી અને મેરીટ યાદી તૈયાર કરતી વખતે ઉમેદવારનું મેરીટ નીચેના અનુસાર રહેશે.

(અ) સદર ભરતી માટેની જોગવાઈ અનુસાર તમામ ઉમેદવારોનું OMR આધારિત પરીક્ષા લેવામાં આવશે જેમાં તેઓએ મેળવેલ ગુણના ૬૦ % ગુણાંકનો મેરીટ યાદી બનાવતી વખતે ધ્યાને લેવાશે.

(બ) આ ઉપરાંત નીચે જણાવ્યા મુજબ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં રાખી નીચેની ગણતરી આધારે મેળવેલ ગુણાંકના ૪૦ % ગુણાંકનો મેરીટ યાદીબનાવતી વખતે ધ્યાને લેવાશે. **(પત્રક-૧)**

| ક્રમ | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૦૧ | સ્નાતક કક્ષા (જનરલ) | |
| | અ. ૫૧ થી ૭૦ ટકા (૧% દીઠ ૦.૨૫ ગુણાંક) | ૦૫.૦૦ |
| | બ. ૭૧ થી ૮૦ ટકા (૧% દીઠ ૦.૫૦ ગુણાંક) | ૦૫.૦૦ |
| ૦૨ | સ્નાતક કક્ષા બી. લિબ | |
| | અ. ૫૧ થી ૭૦ ટકા (૧% દીઠ ૦.૫૦ ગુણાંક) | ૧૦.૦૦ |
| | બ. ૭૧ થી ૮૦ ટકા (૧% દીઠ ૧.૦૦ ગુણાંક) | ૧૦.૦૦ |
| | ક. યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦.૦૦ |
| ૦૩ | અનુસ્નાતક કક્ષા (એમ.લીબ.) | |
| | અ. ૫૬ થી ૭૫ ટકા (૧% દીઠ ૧ ગુણાંક) | ૨૦.૦૦ |
| | બ. યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૦૪ | એમ.ફીલ (લાઈબ્રેરી સાયન્સ/ઇન્ફોર્મેશન સાયન્સ/ડોક્યુમેંટેશન સાયન્સ અથવા તેને સમકક્ષ વિષય)<br>અ. ૫૧% થી ૬૦% (૧% દીઠ ૦.૫૦ ગુણાંક)<br>બ. ૬૧% થી ૭૦% (૧% દીઠ ૦.૫૦ ગુણાંક) | <br><br>૦૫.૦૦<br>૦૫.૦૦ |
| ૦૫ | પી.એચ.ડી (લાઈબ્રેરી સાયન્સ/ઇન્ફોર્મેશન સાયન્સ/ડોક્યુમેંટેશન સાયન્સ અથવા તેને સમકક્ષ વિષય) | ૧૦.૦૦ |
| ૦૬ | નેટ/સ્લેટ (લાયબ્રેરી એન્ડ ઇન્ફરમેશન સાયન્સ ) | ૧૦.૦૦ |
| | કુલ | ૧૦૦.૦૦ |

ઉપરાંત (અ) અને (બ) નું સંયુકત મેરીટ નીચે પ્રમાણે ગણી મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે.

(અ) ના 60% તથા

(બ) ના 40%

## ૫. પરીક્ષા પધ્ધતિ :

OMR પધ્ધતિથી M.C.Q. ( બહુવૈકલ્પિક ) પ્રશ્નો અધારિત પરીક્ષા લેવામાં આવશે, પરીક્ષા આપવા માટે હોલ ટિકિટ ( Hall-Ticket ) ડાઉનલોડ કરવી, પરીક્ષાનું સ્થળ/સમય અને અભ્યાસ ક્રમ વગેરેની વિગતવાર માહિતિ સમયાતરે વેબસાઈટ પર મૂકવામાં આવશે.

## ૬. નિયમો અને જોગવાઇઓ:

શિક્ષણ વિભાગના તા:૦૧-૧૧-૨૦૧૦ના જાહેરનામા મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના તાબા હેઠળની રાજ્યની સરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને શિક્ષણની કોલેજોમાં ગ્રંથપાલ વર્ગ-૩ની જગ્યા પર નિમણૂંક આપવાની શરતો નક્કી કરેલ છે. તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો અને નિયમો ઉમેદવાર ને બંધનકર્તા રહેશે. જે જોગવાઇઓને આધીન

૬.૧ ફિક્સ પગારના આ સમયગાળા દરમ્યાન ઉમેદવારે ગુજરાત મુલ્કી સેવાની જોગવાઇઓ અનુસાર, Computer Competency Training and Examination Rules 2006 મુજબ કમ્પ્યુટરના જ્ઞાનને લગતી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬.૨ રાજ્ય સરકારના પ્રસ્થાપિત નિયમો મુજબ પસંદગી પામેલ ઉમેદવારે હિન્દી અથવા ગુજરાતી અથવા બંનેની પરીક્ષા પાસ કરવાની રહેશે. ઉમેદવારે આ અંગે ની ટ્રેનિંગ લેવાની રહેશે.

૬.3 પસંદગી પામેલ ઉમેદવારે સરકારશ્રી દ્વારા નિયત કરેલ ફોર્મ માં ચોક્કસ રકમ અને સમય અંગેના સિક્યોરિટી અને સ્યોરિટી બોન્ડ આપવાના રહેશે.

## ૭. પસંદગી પ્રક્રિયા:

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યા માટે પસંદગી યાદી (મેરીટ લિસ્ટ) તૈયાર કરવા માટે O.M.R. TEST અને શૈક્ષણિક લાયકાતના આધારે મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી બાદ શૈક્ષણિક લાયકાતના મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી તૈયારી કરવામાં આવશે.

## ૮. અનામત કેટેગરીના ઉમેદવારો માટે :

૮.૧ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરતી પ્રક્રિયા સમયે અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / શારીરિક ખોડ ખાંપણ તથા મહિલા ઉમેદવારને અનામત નો લાભ મળવાપાત્ર રહેશે.

૮.૨ મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા વિકલાંગ ઉમેદવારોને પ્રવર્તમાન નિયમોનુસાર લાયકાતમાં છુટછાટ મળવાપાત્ર થશે. આવા ઉમેદવારોએ પ્રમાણપત્ર ચકાસણી સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ / વિકલાંગતા અંગેનું અસલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૮.૩ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ઠ-ક ના નમૂનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૩૧/૦૩/૨૦૧૫ના સમયગાળાની આવકને ધ્યાને લઈ તા.૦૧/૦૪/૨૦૧૫ કે ત્યારબાદ મેળવેલ હોવું જોઇએ.

## ૯. ઓનલાઇન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

૯.૧ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં વેબસાઇટ www.cheguj.com પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૯.૨ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં તા:૧૨-૦૫-૨૦૧૫ના ૧૯.૫૯ કલાક બાદ કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

૯.૩ ટપાલ કે કુરીયર મારફત અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં અને રદ થયેલા ગણાશે તેથી આ કચેરીને અરજીપત્રકો મોકલવા નહીં.

૯.૪ ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ www.cheguj.com પર રજિસ્ટર થવાનું રહેશે. ઉમેદવારે રજિસ્ટર કરેલા ઇ-મેલ આઇ.ડી પર જો જરૂર લાગશે તો સુચનાઓ આપવામાં આવશે જેથી ઉમેદવારે પોતાનું જ ઇ-મેલ આઇ.ડી આપવાનું રહેશે.

૯.૫ ઉમેદવાર રજિસ્ટર થયા બાદ જ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૨-૦૫-૨૦૧૫ના ૧૯:૫૯ કલાક સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી/અપડેટ કરી શકશે નહીં. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

૯.૬ બિનઅનામત તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર માટે અરજી ફી **રૂ.૨૫૦** (અંકે રૂપિયા બસ્સો પચાસપુરા) અને વિકલાંગ, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવા રો માટે અરજી ફી **રૂ.૧૫૦** (અંકે રૂપિયા એકસો પચાસ પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં.

અરજી કર્યા બાદ ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે તેમના ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી તા:૧૨-૦૫-૨૦૧૫ સમય ૧૫.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાની રહેશે. બેંકમાં ફી ભરવાથી ઉમેદવારને ચલણની એક કોપી પરત કરવામાં આવશે જેમાં બેંક દ્વારા ટ્રાન્ઝેક્શન આઇ.ડી દર્શાવવામાં આવેલ હશે.

ઉમેદવાર NEFT મારફત ઓનલાઇન નીચેની વિગતના ખાતામાં ઉમેદવારી ફી જમા કરાવી શકશે. આવા ઉમેદવારોએ ફી ભર્યાના ૨૫ કલાક બાદ ટ્રાન્ઝેક્શન આઇ.ડી વડે અરજી કન્ફર્મ કરવાની રહેશે.

- **બેંકનું નામ: દેના બેંક**
- **ખાતા નં :૦૩૦૮૧૦૦૨૭૯૦૦**
- **IFSC Code : BKDN0130308**
- **MICR Code: 380018053**

ચલણ ડાઉનલોડ કર્યા બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ **www.cheguj.com** પર પોતાના યુઝર આઇ.ડી – પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહીં તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહીં. કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે.

૯.૭ ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

૯.૮ ગ્રંથપાલ વર્ગ-૩ ની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

૯.૯ ખાલી જગ્યાઓ અનુસાર ઉમેદવારોની કામચલાઉ યાદી વેબસાઇટ પર મૂકવામાં આવશે.

૯.૧૦ કામચલાઉ યાદી અનુસારના ઉમેદવારોએ લોગ-ઇન થઇને પ્રમાણપત્ર ચકાસણી માટેનો કોલ લેટર ડાઉનલોડ કરવાનો રહેશે તથા કોલ લેટરમાં જણાવવામાં આવેલ સમય અને સ્થળે રૂબરૂમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. ફાળવેલ સમય અને તારીખે ઉમેદવાર ઉપસ્થિત ન રહી શકે તો તેઓનો નિમણૂંક મેળવવા માટેનો હક રદબાતલ થયેલ ગણાશે.

પ્રમાણપત્રોનું વેરીફીકેશન માટેનું સમય પત્રક વેબસાઇટ પર મુકવામાં આવશે.

૯.૧૧ ઉમેદવારના પ્રમાણપત્ર ચકાસણી સમયે જો કોઇ કારણસર દાવો કરેલ મેરીટ માર્ક્સમાં ઘટાડો થાય અને તે માર્ક્સ જે તે કેટેગરીના કટ ઑફ માર્ક્સ કરતાં ઓછા થાય તો તેવા ઉમેદવારોને જે તે રાઉન્ડ દરમ્યાન કોલેજની ફાળવણી કરવામાં આવશે નહીં.

૯.૧૨ ઉમેદવારની નિમણૂંક થાય ત્યાર પછી નિમણૂંક આદેશમાં જણાવ્યા અનુસારની મુદતમાં ફાળવાયેલ કોલેજમાં હાજર થવાનું રહેશે અન્યથા ઉમેદવારનો નિમણૂંક આદેશ આપોઆપ રદ થયેલ ગણાશે.

કોઇપણ સંજોગોમાં સ્થળ બદલી આપવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૯.૧૩ પ્રમાણપત્ર ચકાસણી સમયે ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી અસલ પ્રમાણપત્રો અથવા આધારો રજુ કરવાના રહેશે.

૯.૧૪ કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમોનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૯.૧૫ જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ગણવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી જણાશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ગણવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.

૯.૧૬ ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રુફ (મતદારનું ઓળખપત્ર, ડ્રાઈવીંગ લાયસન્સ, અધારકાર્ડ અને પાનકાર્ડની નકલ) સાથે રાખવાનું રહેશે તેમજ માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

૯.૧૭ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૯.૧૮ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા કરવામાં આવતી ભરતી પ્રક્રિયામાં દરેક ને સમાન તક મળે તથા મહિલા ઉમેદવારો વધુ ઉમેદવારી નોંધાવે તે માટે પ્રોત્સાહિત કરે છે.

૯.૧૯ ઓનલાઈન અરજી કરતી વખતે કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર જણાવેલ હેલ્પ લાઈન નંબર પર જ સંપર્ક કરવાનો રહેશે.

**ઉચ્ચ શિક્ષણ કમિશનર**
**ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,**
**ગુજરાત રાજય, ગાંધીનગર.**